## અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં ફરી એજન્ટોના અડીંગા

### અરજદારે ટ્રેકની વિગત માગતાં તંત્ર હરકતમાં, અગાઉ તપાસ પછી બધું સમેટાઈ ગયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં ફરી એજન્ટોના અડીંગા જોવા મળી રહ્યા છે. તાજેતરમાં જ અરજદારે લાયસન્સ આપવા માટેના ટ્રેકની વિગત માગતાં તંત્ર હરકતમાં આવી ગયું છે. કેટલાક એજન્ટો આર.ટી.ઓ. અધિકારીના ખાસ બની ગયા છે. અગાઉ ઉચ્ચ કક્ષાએથી તપાસ આવ્યા પછી ૧૩ જેટલા એજન્ટો સામે ફરિયાદ નોંધાઈ પરંતુ પાછલા બારણે બધું સમેટાઈ ગયું છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી અને તેના અધિકારીઓની કામગીરી સતત ચર્ચામાં રહી છે. વર્ષોથી અડીંગો જમાવીને બેઠેલા આર.ટી.ઓ. અધિકારી જીજ્ઞેશ મોઢ ઉપર ગાંધીનગરના આશીર્વાદ હોવાથી ગંભીર ફરિયાદો છતાં કોઈ પગલાં ભરાતાં નથી.

ગત તા.૭ માર્ચના રોજ વાહન વ્યવહાર કમિશનરે મોડાસા આર.ટી.ઓ. કચેરીમાં ઓચિંતિ તપાસ હાથ ધરી કામગીરી કરતાં ૧૩ જેટલા એજન્ટો સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી હતી ત્યાર પછી એજન્ટરાજ ભૂતકાળ બની જશે તેવી સંભાવના હતી પરંતુ અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં પગથિયાં ઉપર પગ મૂકો ત્યાંથી શરૂ થતો ભ્રષ્ટાચાર ટ્રેક ઉપર વાહન હંકારીને પાછા ફરો ત્યાં સુધી સતત ગાજતો રહ્યો છે.

ગુજરાત સરકાર અને ગાંધીનગર વાહન વ્યવહાર કમિશનરની પણ એક જ સ્થળે ચીટકી રહેલા આર.ટી.ઓ. અધિકારી જીજ્ઞેશ મોઢ માટે શું મજબૂરી છે કે કોઈ કાર્યવાહી થતી નથી..?? અગાઉ પણ ઉચ્ચ કક્ષાએથી થયેલી ફરિયાદ પછી તપાસના નામે નાટક રચવામાં આવ્યું હતું કહેવાય છે કે અગાઉ શામળાજી ચેકપોસ્ટ અને હવે અરવલ્લી (મોડાસા) આર.ટી.ઓ. કચેરી ઉચ્ચ કક્ષાના ભ્રષ્ટ અધિકારીઓ માટે કમાઉ દિકરા સમાન ગણાય છે. જિલ્લામાં અત્યારે ઓવરલોડ ખનિજ ભરીને દોડતાં વાહનોએ અનેક નાના વાહન ચાલકોની જીંદગી જોખમમાં મૂકી છે પરંતુ મોડાસા આર.ટી.ઓ. કચેરી દ્વારા કોઈ ઉચિત પગલાં ભરાતાં નથી કારણ કે પગલાં ભરાય તો કોરોનાના કપરા કાળમાં આર્થિક નુકસાન જાય તેવી લોકચર્ચા પણ જોરમાં છે.

**બાયડના અરજદારને શોધવા ખાસ માણસને ધંધે લગાડ્યો**

લોક ચર્ચા એવી છે કે મોડાસા આર.ટી.ઓ. કચેરીના ટ્રેક બાબતે બાયડના કોઈ અરજદારે વિગતો માંગ્યા પછી કચેરીના ભ્રષ્ટ અધિકારી-કર્મચારી દ્વારા અરજદાર કોણ છે..?? શું કરે છે..?? તેનું બેકગ્રાઉન્ડ શું છે..?? તેની વિગતો શોધવા માટે ખાસ માણસને ધંધે લગાડવામાં આવ્યો છે. સાંભળવા તો એવું મળ્યું છે કે તે અરજી પાછી ખેંચી લે તે માટે પણ ખાસ માણસને તમામ પ્રકારની છૂટ આપવામાં આવી છે.

## બાયડ નગરપાલિકામાં સ્વચ્છતા, શુદ્ધિકરણ માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની રાજ્ય સરકારની ભેટ

### ગંદા પાણીના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ આવવાની આશા, પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષે સરકારનો આભાર માન્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

રાજ્યના મુખ્ય મંત્રી દ્વારા બાયડ નગરપાલિકામાં આધુનિક





સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ભેટ અપાતાં પ્રજામાં ખુશાલી છવાઈ છે. પ્લાન્ટ કાર્યવંતિત થયા પછી ગંદા પાણીના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ આવવાની આશા છે. છેલ્લા ૨-૩ વર્ષથી બાયડના પ્રજાજનો ઉભરાતી ભૂગર્ભ ગટરથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે ત્યારે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી સમસ્યા હલ થશે. પ્લાન્ટ શરૂ કરાયા પછી વપરાયેલા ગંદા પાણી રીયુઝ ઓફ ટ્રીટેડ વોટરનો ખેતીવાડી, બાગ-બગીચા અને તળાવ ભરવા જેવા કામોમાં પુનઃ વપરાશ થશે અને આ રીતે અમૂલ્ય પાણીનો પણ બચાવ કરી શકાશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા શહેરી સુખાકારી માટેનો મહત્વનો નિર્ણય કરી રાજ્યની કુલ-૯ નગરપાલિકાઓમાં આધુનિક સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવાનો ગત રોજ નિર્ણય જાહેર કર્યો છે જેમાં ઉત્તર ગુજરાતની બાયડ અને સિદ્ધપુર નગરપાલિકાનો અદ્યતન ટેકનોલોજી ધરાવતા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે પસંદગી કરવામાં આવી છે. પાલિકામાં ગંદા પાણીના શુદ્ધીકરણ માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત થવાનો લક્ષ્યાંક ખુબ ઝડપથી પૂર્ણ કરાશે. એસ.ટી.પી.-ડબલ્યુ.ટી.પી. યુક્ત તમામ નગરો બને તેમજ વપરાયેલા ગંદા પાણીનો યોગ્ય ઉપયોગ કરી શકાય તે માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો નિર્ણય કરાયો છે. ૯ નગરપાલિકાઓમાં યોજના પૂરી થયા પછી રાજ્યની તમામ ૧૫૬ નગરપાલિકાઓ એસ.ટી.પી. પ્લાન્ટથી કાર્યકરવાનો સરકારનો લક્ષ્યાંક પૂર્ણ થશે. બાયડ નગરપાલિકામાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની રાજ્ય સરકારે ભેટ આપતાં મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અને સમગ્ર કેબિનેટનો બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, બાયડ શહેર ભાજપ સંગઠન મહામંત્રી દિપકભાઈ પટેલ, બિપીનભાઈ પ્રજાપતિ, જિલ્લા ભાજપ સંગઠન મંત્રી મણીલાલ પંચાલ તેમજ બાયડ પાલિકાના ભાજપના તમામ કોર્પોરેટરોએ આભાર માન્યો હતો.

### સાકરીયા ગામે ત્રણ મહિના બાદ ફરીથી

## કરીયાણાની દુકાનોમાં ધાડ પાડવા પહોંચ્યા તસ્કરો, ગામલોકોએ એક તસ્કરને દબોચી લીધો

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ગેંગ અને તસ્કરો સક્રીય થતા ગ્રામ્ય







વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસાના સાકરીયા ગામે ત્રણ મહિના અગાઉ બસ સ્ટેન્ડ પર આવેલી કરિયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટકી ૩૫ હજારથી વધુની ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો જે અંગે દુકાન માલિકે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ પ્રાથમિક તપાસ હાથધરી હતી પરંતુ તસ્કર ટોળકીને ઝડપી પાડવામાં નિષ્ફળ રહેતા તસ્કરોની હિંમત વધી હોય તેમ ત્રણ મહિના પછી ફરીથી બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલી કરિયાણાની દુકાનમાં ત્રણ તસ્કરો રીક્ષા લઈ ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા હતા ત્યારે ખેતરમાં રખોપુ કરી પરત ફરી રહેલા લોકોએ દુકાન માલીકને જાણ કરતા દુકાન માલિક અને લોકો દોડી આવતા તસ્કરોએ દુકાન માલિક હુમલો કરી બે તસ્કરો ફરાર થઈ ગયા હતા જયારે એક ચોર લોકોના હાથે ઝડપાઈઓ જતા મેથીપાક આપી રૂરલ પોલીસને સુપ્રત કર્યો હતો જીલ્લામાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવેની માંગ પ્રબળ બની છે.

માલપુર તાલુકાના વાવડી ગામનો રમેશ ખાંટ નામનો ચોર તેના અન્ય બે સાગરીતો સાથે રીક્ષા લઈ સાકરીયા ગામના બસ સ્ટેન્ડ પર આવેલી કરિયાણા સહીતની દુકાનોમાં ચોરી કરવા પહોંચ્યા હતા અને બે દુકાનોના ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા હતા ત્યારે ખેતરમાંથી પરત ફરતા લોકો મોડી રાત્રે કરીયાણાની દુકાન આગળ રીક્ષા પડેલી અને દુકાનમાંથી અવાજ આવતો હોવાથી તાબડતોડ દુકાન માલીકને જાણ કરતા દુકાનમાલિક અને ગ્રામજનો પહોંચ્યા હતા અને તસ્કરોને પડકારતા ત્રણે તસ્કરોએ દુકાન માલિક પર હુમલો કરી ભાગ્યા હતા ગ્રામજનો અને દુકાનમાલિકે રમેશ ખાંટ નામના ચોરને દબોચી લીધો હતો જયારે અન્ય બે તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા ગ્રામજનોએ મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી ચોરની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ રીક્ષા કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી ફરાર બંને તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા સાકરીયા બસ સ્ટેન્ડ પર હોમગાર્ડ પોઈન્ટ મુકવામાં આવે અને નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવેની લોક માંગ પ્રબળ બની છે

## ઉત્તર ગુજરાતમાં વેપાર-ધંધા પાટે ચઢતાં વેપારીઓને રાહત

ઉત્તર ગુજરાતમાં કોરોનાના સંક્રમણ દરમ્યાન આપવામાં આવેલા મીની લૉકડાઉનમાં સરકારે થોડી રાહત આપી બપોરના ૩-૦૦ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાની મંજૂરી આપ્યા પછી ઘણા લાંબા સમય પછી વેપાર-ધંધા પાટે ચઢતાં વેપારીઓએ ખાસ્સી રાહત અનુભવી છે. છેલ્લા ૨-૩ દિવસથી શહેરી વિસ્તારોના બજારોમાં ગ્રાહકોની ચહલ પહલ વધવાની સાથે મુખ્ય માર્ગો ઉપર દૈનિક જોવા મળતા ટ્રાફીકમાં વધારો દેખાઈ રહ્યો છે. કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થતાં સરકાર દ્વારા મીની લૉકડાઉન જાહેર કરવાની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વયંભૂ લૉકડાઉનનો આશરો લેવામાં આવ્યો હતો. કોરોનાનું સંક્રમણ અગાઉની લહેર કરતાં વધુ વેગથી પ્રસરી જતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બજારોમાં સુનામી જેવો માહોલ જોવા મળ્યો હતો પરંતુ તાજેતરમાં સરકારે જાહેર કરેલા મીની લૉકડાઉનમાં થોડી છૂટ આપતાં બજારોમાં રોનક શરૂ થઈ છે. અગાઉ જે બજારોમાં કરફ્યુ જેવો માહોલ જોવા મળતો હતો ત્યાં હવે ગ્રાહકોની સંખ્યામાં વધારો થતાં વેપારીઓએ હાશ અનુભવી છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા-પાટણ જિલ્લામાં વેપારીઓ માટે મહત્વના ગણાતા લગ્નગાળામાં કોરોનાના કારણે બજારો બંધ રાખવાની નોબત આવતાં વેપારીઓ મૂંઝવણમાં મૂકાઈ ગયા હતા.

### કોરોનાએ વધુ એક પોલીસકર્મીનો ભોગ લીધો

## ઈસરી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. કોરોનાના ખપ્પરમાં હોમાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ.ની ફરજ બજાવતા ભાથીજી હેમાજી કોરોનાથી સંક્રમિત થયા પછી સારવાર દરમ્યાન તેમનું મોત નિપજતાં પોલીસ બેડામાં શોક છવાયો છે. કોરોના વોરિયર્સ તરીકે ખડેપગે તૈનાત ખાખી વર્દીમાં વધુ એક પોલીસ કર્મી હોમાઈ જતાં પરિવારમાં શોક છવાયો છે.

અરવલ્લીમાં કોરોના સંક્રમણના દૈનિક કેસોમાં ઘટાડો જરૂર આવ્યો છે પરંતુ મૃત્યુ આંક સતત ઉંચકાઈ રહ્યો છે. ખાખી વર્દી કોરોનાના જડબામાં સપડાઈ હોય તેમ મોડાસા સી.પી.આઈ. કચેરીના



એ.એસ.આઈ.નું કોરોનાથી મોત થયાનાં કરૂણ ડુસ્કાં હજુ શાંત થયાં નથી ત્યાં વધુ એક કર્મચારી કોરોનાના ખપ્પરમાં હોમાયા છે. મેઘરજ તાલુકાના બેડજના વતની અને ઈસરી પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ.ની ફરજ બજાવતા પોલીસ કર્મી ભાથીજી ફરજ દરમ્યાન સંક્રમિત થયા હતા અને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર લેવા જતાં તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી તેમની સારવાર ચાલી રહી હતી જે દરમ્યાન એ.એસ.આઈ. કોરોના સામે જંગ હારી જતાં ગત રોજ મોત નિપજ્યું હતું. ટૂંકા સમયમાં અરવલ્લી પોલીસ વિભાગમાં બે પોલીસ કર્મચારીઓના કોરોનાથી મોત નિપજતાં સાથી કર્મચારીઓમાં શોકની કાલીમા છવાઈ છે.

## બુદ્ધ પૂર્ણિમા : સાબરકાંઠા, અરવલ્લીમાં એક લાખ પરિવારના ત્યાં ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ

### કોરોના મહામારીના નિવારણ માટે અનોખું યજ્ઞ અભિયાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

બુધવારે બુદ્ધ પૂર્ણિમાના દિવસે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગાયત્રી પરિજનો દ્વારા ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞનું સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ આયોજન કરવામાં આવ્યું. ૧૪ તાલુકામાં ૧ લાખ પરિવારના ત્યાં ગાયત્રી યજ્ઞ થયો. કોરોના મહામારીના નિવારણ માટે અનોખું યજ્ઞ અભિયાન અને ૨૧મી સદી ઉજ્જવળ ભવિષ્યને સાકાર કરવા પવિત્ર દિવસે લાખો ઘરોમાં યજ્ઞ પ્રયોગ થયાનું ગાયત્રી શક્તિપીઠ-બાયડ અને ગાયત્રી ચેતના કેન્દ્ર-મોડાસા દ્વારા જણાવવામાં આવ્યું છે.



યજ્ઞનું પણ આગવું મહત્વ શાસ્ત્રોમાં ઉલ્લેખાયેલું છે. જ્યારથી કોરોનાની મહામારી વકરી ત્યારથી ગાયત્રી પરિવાર દ્વારા પણ ગામે ગામ અને ઘેર..ઘેર ગાયત્રી યજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર પ્રેરીત ગૃહે..ગૃહે ગાયત્રી યજ્ઞનું તા.૨૬ મે. બુધવાર બુદ્ધ પૂર્ણિમાના દિવસે આયોજન કરવા આહવાન થયું. જેના ભાગરૂપે ગાયત્રી શક્તિપીઠ-બાયડ, ગાયત્રી ચેતના કેન્દ્ર-મોડાસા, ગાયત્રી શક્તિ

શામળાજી, ગાયત્રી મંદિર-ચોરીવાડ તેમજ ગાયત્રી પરિવારજનો દ્વારા પોતાના ઘરે ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞનું આયોજન થયું. ગાયત્રી પરિજનોના જણાવ્યા અનુસાર હાલની સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિમાં આપણી ભારતીય પરંપરા પ્રમાણે અગ્નિ પ્રગટાવી તેમાં ભાવ-સંવેદનાથી મંત્રોચ્ચાર સાથે ઔષધિય જડીબુટ્ટીઓ દ્વારા આહૂતિ આપવામાં આવે તો તેની આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક અસર પણ જોવા મળે છે અને જ્યાં યજ્ઞ થયા હોય ત્યાં રોગના જીવાણુંઓ નાશ પામે છે.જેથી ગાયત્રી પરિજનો સહિત જિલ્લાના તમામ પરિજનોને બુધવારે યજ્ઞ કરવા જણાવ્યું હતું જે મુજબ બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં ગાયત્રી પરિજનોએ યજ્ઞનું આયોજન કર્યું હતું. અને તેમાં હવન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તો કેટલાક ગાયત્રી પરિજનોએ ઘરે જાતે હવન સામગ્રી બનાવી યજ્ઞ કર્યા હતા. ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાયે જણાવ્યું કે કોરોનારૂપી વૈશ્વિક મહામારીના નિવારણ અને ૨૧મી સદી ઉજ્જવળ ભવિષ્યને સાકાર કરવા ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અભિયાનનો વિશ્વભરમાં એક જ દિવસે લાખો ઘરોમાં યજ્ઞ પ્રયોગ થયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ તાલુકા તેમજ ક્ષેત્રના તમામ ગામો અને ઘરોમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.



## કોરોનાની ધાક ઓસરી : ઉત્તર ગુજરાતમાં સપ્તાહમાં ૫૦ ટકા કેસમાં ઘટાડો, ૫૩૦૦ સંક્રમિત કેસ

### કોવિડની સારવાર કરતી ખાનગી હોસ્પિટલોમાં ભીડ ઘટી, ડૉક્ટર-પેરામેડીકલ સ્ટાફને રાહત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

રાજ્યમાં કોરોનાની વિદાયના સંકેત મળ્યા છે. ઉત્તર ગુજરાતમાં એક સપ્તાહમાં ૫૦ ટકા કેસમાં ઘટાડો થયો છે. ગત રોજ ૫ જિલ્લામાં ૫૩૭૪ લોકો સંક્રમિત થયા છે. જ્યારે એકપણ મૃત્યુ નોંધાયું નથી. આરોગ્ય વિભાગની આંકડાની માયાજાળ સામે લાંબા સમયથી આંગળીઓ ચિંધાઈ રહી છે પરંતુ પ્રજાએ અને તંત્રએ આરોગ્ય વિભાગના આંકડા સ્વીકાર્યા વગર છૂટકો નથી. કોવિડની સારવાર કરતી ખાનગી હોસ્પિટલોમાં દેખીતી રીતે ભીડ ઘટી છે. ડૉક્ટરા-પેરામેડીકલ સ્ટાફને ૪૨ દિવસ પછી રાહત મળી રહી છે.

એપ્રિલ મહિનાના આરંભથી કોરોનાએ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં હાહાકાર મચાવ્યો હતો. મૃત્યુ આંક પાછલા ૨ મહિનામાં ૩૦૦ થી વધુ હોવાની આશંકા છે. પરંતુ કોઈને કોઈ કારણોસર મૃત્યુના આંકડા સાચા બહાર આવતા ન હોવાના આરોપ લાગેલા છે.

**પાછલા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણ..**

| જિલ્લો | સંક્રમિત કેસ |
|---|---|
| અરવલ્લી | ૬૯૪ |
| બનાસકાંઠા | ૫૦૧ |
| મહેસાણા | ૨૪૨૩ |
| પાટણ | ૭૭૦ |
| સાબરકાંઠા | ૧૪૮૭ |

સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન અને ઈન્જેક્શનની અછતે સરકાર અને રાજ્યના આરોગ્ય વિભાગને હરકતમાં લાવી દીધું હતું. કોરોના મહામારીના કારણે રેમડેસિવિર ઈન્જેક્શન બ્લેકમાં વેચાવવાના શરૂ થયા હતા અને તેનો સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠામાં પર્દાફાશ થયો હતો. પરંતુ હવે સ્થિતિ સુધારાજનક છે એક રીતે કોરોનાને પ્રજાએ સહીયારા પ્રયાસથી હરાવ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાથી વધુ સંક્રમિત મહેસાણા જિલ્લામાં પણ સંક્રમિત કેસમાં ૫૦ ટકાનો ઘટાડો આવ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ૫ જિલ્લામાં સંક્રમિત કેસ ૫૩૭૪ નોંધાયા છે. જ્યારે તંત્ર દ્વારા અનેક વિસ્તારોમાં શરૂ કરાયેલા હોમ આઈસોલેશન કેન્દ્રો પણ ખાલીખમ છે અને કેટલાય હોમ આઈસોલેશન સમેટાઈ રહ્યા છે.

## મ્યુકરમાઈકોસિસ : સાબરકાંઠામાં ઈન્જેક્શન ફાળવણી માટે ચાર સભ્યોની કમીટી રચાઈ

### સી.ડી.એમ.ઓ. ડૉ.મુલાણી અધ્યક્ષ તરીકે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠામાં મ્યુકરમાઈકોસિસનો રોગ વકરતાં ઈન્જેક્શનની અછત સામે આવી છે ત્યારે રાજ્ય સરકારની સીધી સૂચના હેઠળ અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા ઈન્જેક્શન ફાળવણી માટે ૪ સભ્યોની કમીટીની રચના કરવામાં આવી છે જેમાં સી.ડી.એમ.ઓ. હિંમતનગર, ડૉ.અજય મુલાણીને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે. પ્રાઈવેટ હોસ્પિટલો દ્વારા ઈન્જેક્શનની માંગણી વખતે સરકાર દ્વારા નક્કી થયેલ દર્દીઓની તમામ વિગતો પૂરી પાડવા પણ જણાવ્યું છે.

રાજ્યમાં બ્લેક ફંગસ તરીકે ઓળખાતા મ્યુકરમાઈકોસિસના રોગમાં સતત વધારો થઈ રહ્યો છે. કોવિડ-૧૯ના દર્દીઓ જેઓને ડાયાબીટીશ, એચ.આઈ.વી. ઈન્ફેક્શન હોય, જેમને સ્ટીરોઈડ લાંબા સમય સુધી આપવામાં આવી હોય તેવા દર્દીઓને આવો ચેપ લાગવાની સંભાવના સૌથી વધુ છે. દર્દીઓને સારવાર માટે ઈન્જેક્શન આપવામાં આવતાં હોય છે પરંતુ બજારમાં ઉપલબ્ધતા ઓછી હોવાના કારણે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સારવારમાં ખુબ તકલીફ પડી રહી છે જેથી જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં મ્યુકરમાઈકોસિસ રોગની સારવાર લેતા દર્દીઓને ઈન્જેક્શન વ્યાજબી ભાવે મળી રહે તે માટે સરકારમાંથી જી.એમ.સી.એલ. તરફથી મળતા ઈન્જેક્શન જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં દાખલ કેસના દર્દીઓના કામે વપરાશ લેવાપાત્ર સંખ્યાને બાદ કરતાં ઈન્જેક્શન ફાળવવા માટે કમીટીની રચના કરવામાં આવી છે. જેમાં સભ્ય તરીકે ડૉ.મનિષાબેન પંચાલ (ફીજીશીયન), ડૉ.કિર્તીબેન અંબાણી (જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ-હિંમતનગર) અને ડૉ.ચિરાગ મોદી (એપેડેમિક મેડીકલ ઓફીસર-સાબરકાંઠા)ની નિયુક્તિ કરવામાં આવી છે. ફાળવેલા ઈન્જેક્શન દર્દીઓના સગાઓને ન આપવા સબંધિત હોસ્પિટલના અધિકૃત વ્યક્તિને આપવા અને તે ઈન્જેક્શન મળ્યા બદલની પહોંચ મેળવી લેવાની રહેશે.

## સાબરકાંઠામાં ઘટતું કોરોના સંક્રમણ : ૪૫ પોઝિટિવ કેસ

તલોદ, તા.૨૬

સાબરકાંઠામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને રાહત જણાઈ રહી છે. લાંબા સમય પછી સરકારી કોવિડ અને ખાનગી કોવિડ હોસ્પિટલમાં બેડ ખાલી થઈ રહ્યા છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન જિલ્લામાં ૪૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૧ બાળક કોરોનાથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.

સતત હાવિ રહેલા કોરોના ઉપર હવે અંકુશ આવી રહ્યો છે. પ્રજામાં પણ સ્વયં જાગૃતતાના સારા પરિણામો હવે મળવા લાગ્યા છે. તલોદથી પોશીના સુધીના પટ્ટામાં એક તબક્કે કોરોના સંક્રમણ બેકાબુ બન્યું સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલો હાઉસ્ફુલ થઈ ગઈ. દર્દીઓને હોસ્પિટલની બહાર રઝળવાનો વારો આવ્યો. ઓક્સિજનની અછતથી તંત્રની છબી ખરડાઈ પરંતુ મુશ્કેલી આવે એટલે આવ્યા પછી તેનો અંત પણ હોય છે તે કહેવત અનુસાર સાબરકાંઠામાં સંક્રમણમાં ઘટાડો થયો છે. જો કે મ્યુકરમાઈકોસિસના વધતા કેસથી તંત્રની ચિંતા વધી છે પરંતુ કોરોનાને એક રીતે અંકુશમાં લેવામાં આરોગ્ય વિભાગના સ્ટાફની કામગીરીને બિરદાવવી જોઈએ. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ ૬૮૨૩ કેસ નોંધાયા છે જેમાંથી ૫૮૬૫ દર્દી સાજા થઈને ઘરે ગયા છે, ૮૧૫ એક્ટિવ કેસ છે અને ૧૪૩ લોકોના કોરોનાના કારણે મોત નિપજ્યા છે.